વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં ચાલુ બાબત તરીકે નાબાર્ડ લોન હેઠળ ગોડાઉન બાંધકામ યોજના અંતર્ગત થનાર ખર્ચ માટેની વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

ક્રમાંક: FCSCAD/SBE/e-file/5/2022/1432/C (PDS) Section

અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ

૧૪,સરદારભવન, પાંચમો માળ

સચિવાલય,ગાંધીનગર

તા.૨૫/૦૪/૨૦૨૩

ઠરાવ:-

વર્ષ ૨૦૨૩-૨૪ માં નાબાર્ડ લોન હેઠળ ગોડાઉન બાંધકામ યોજના પર થતા ખર્ચ અન્વયે વર્ષ ૨૦૨૩-૨૪ ના અંદાજપત્રમાં ચાલુ બાબત તરીકે રૂ.૧૬૪૬.૦૦/- લાખ (રૂપિયા સોળ કરોડ છેતાલીસ લાખ પૂરા) ની જોગવાઈ કરવામાં આવેલ છે.

નાબાર્ડ લોન હેઠળ ગોડાઉન બાંધકામ યોજના માટે ૨૦૨૩-૨૪ ના અંદાજપત્રની જોગવાઈ મુજબના રૂ.૧૬૪૬.૦૦/- લાખ (રૂપિયા સોળ કરોડ છેતાલીસ લાખ પૂરા) ખર્ચ કરવા નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા, ગાંધીનગરને નીચેની શરતોએ આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો:

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૪.૧૦.૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૧૫/૬૯૧૦૯૩/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું તથા તે અંગેની વખતો-વખતની સુચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. નાણા વિભાગની મંજુરી સિવાય ઉક્ત શરતોમાં ફેરફાર કરી શકાશે નહિ.

આ અંગે થનાર ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

| ક્રમ | બજેટ સદર | વર્ષ ૨૦૨૩-૨૪ માં કરેલ જોગવાઇની રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | માંગણી ક્રમાંક:- ૨૩ -<br>મુખ્ય સદર:-૪૪૦૮ - ખાદ્ય સંગ્રહ અને વખાર વ્યવસ્થા અંગે મુડી ખર્ચ જોગવાઇ<br>પેટા મુખ્ય સદર:- ૦૨ - સંગ્રહ અને વખાર વ્યવસ્થા<br>ગૌણ સદર:-૮૦૦- અન્ય ખર્ચ<br>પેટા સદર:-૦૨ - નાબાર્ડની સહાય હેઠળ ગોડાઉન બાંધકામ યોજના | રૂ.૧૬૪૬.૦૦/- લાખ (રૂપિયા સોળ કરોડ છેતાલીસ લાખ પૂરા) |

વિભાગની સમાનાંકી ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૩/૦૪/૨૦૨૩ની નોંધથી મળેલ મંજુરી અનુસાર આ વહીવટી મંજુરી આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(ઉમેશ પટેલ)
સેકશન અધિકારી
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

નકલ રવાનાઃ-

(૧) અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા, અન્ન અને નાગરિક પુરવઠા નિયામક કચેરી, ગાંધીનગર.

(૩) મેનેજિંગ ડિરેકટરશ્રી, ગુ.રા.ના.પુ.નિ.લિ., ગાંધીનગર.

(૪) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/ગાંધીનગર.

(૫) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

(૬) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૭) નાણાંકીય સલાહકારશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા.વિભાગ, બ્લોક નં-૧૪, બીજો માળ, નવા સચિવાલય , ગાંધીનગર

(૮) નાણાં વિભાગ ક-શાખા સચિવાલય, ગાંધીનગર

(૯) નિયામકશ્રી, હિસાબ અને તિજોરી અધિકારીશ્રી, બ્લોક નં-૧૭, ડો.જીવરાવ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૦) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર

(૧૧) ઉપસચિવશ્રી, બજેટ શાખા અ.ના.પુ. અને ગ્રા.બા.વિભાગ,ગાંધીનગર

(૧૨) સીસ્ટમ મેનેજરશ્રી, અ.ના.પુ અને ગ્રા.બા.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૩) સિલેકટ ફાઈલ